લોકસભા સામાન્યચુંટણી-૨૦૧૪

હંગામી જગ્યાઓ બઢતીથી ભરવા બાબત.

મહેસૂલ વિભાગ

ક્રમાંક. બઢત/૧૦૨૦૧૪/૪/ન-૨

સચિવાલય, ગુજરાત સરકાર

ગાધીનગર

તા. /૦૨/૨૦૧૪

- 5 FEB 2014

**વંચાણે લીધો:-** આ વિભાગનો તા.૦૬/૦૭/૨૦૧૩નો ઠરાવ ક્રમાંક બઢત/૧૦૨૦૧૩/૧૧૫૨/ન

પરિપત્ર:-

મહેસૂલ વિભાગ હેઠળની મુદ્દતી અને મોસમી કામગીરી માટે મંજુર થયેલી અને ખાલી રહેતી બીન રાજ્યપત્રીત જગ્યાઓ બઢતીથી ભરવા બાબતે વિભાગના ઉક્ત વંચાણમાં લીધેલ તા.૬/૭/૨૦૧૩ના ઠરાવથી કારકુન સંવર્ગમાંથી નાયબ મામલતદાર સંવર્ગની જગ્યાઓ રાજ્યમાં અચાનક આવેલા કુદરતી આપતિ, માનવ સર્જિત આપતિઓ, અકસ્માત, કોમી તોફાન, ચુંટણી, મતદાર યાદી, ફોટો ઓળખપત્ર વગેરે જેવી સરકારે અગાઉથી નક્કી કરેલ મોસમી(seasonal) અને તદ્દન ટુંકાગાળાની કામગીરી માટે બઢતી આપવાની સત્તા જિલ્લા કલેક્ટરશ્રીને સુપરત કરેલ છે.

૨. આગામી સમયમાં યોજાનાર લોકસભા સામાન્ય ચુંટણીઓ-૨૦૧૪ની કામગીરી માટે મંજુર થયેલ હંગામી જગ્યાઓ પૈકી નાયબ મામલતદારની જગ્યાઓ જે તે જિલ્લા કલેકટરશ્રીઓ પાત્રતા ધરાવતા કલાર્ક સંવર્ગના કર્મચારીઓને બઢતી આપીને જગ્યા ભરે તેવી તમામ કલેકટરશ્રીઓને સુચના આપવા ગુજરાત રાજ્ય રેવન્યુ કર્મચારી મહામંડળ તરફથી તા.૦૮/૦૧/૨૦૧૪થી વિભાગને રજૂઆત મળેલ છે.

૩. આથી, તમામ કલેકટરશ્રીઓનું વિભાગના તા.૬/૭/૧૩ના ઠરાવની શરતો તરફ ધ્યાન દોરી જિલ્લામાં મંજુર થયેલ નાયબ મામલતદારની જગ્યાઓ પાત્રતા ધરાવતા કલાર્ક/કલાર્ક કમ ટાઇપિસ્ટ / ટાઇપિસ્ટને બઢતી આપીને જ ભરવા તેમજ અન્ય સ્થાયી સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવા જણાવવામાં આવે છે.

(ડી.જી.પંડયા)
ઉપ સચિવ,
મહેસૂલ વિભાગ

પ્રતિ

અગ્ર સચિવશ્રી, મહેસૂલ વિભાગ

રાહત કમિશ્નર અને અગ્ર સચિવશ્રી, મહેસૂલ વિભાગ

કમિશ્નર અને સચિવશ્રી(જ.સુ), મહેસૂલ વિભાગ
મહેસૂલ તપાસણી કમિશ્નર અને સચિવશ્રી, મહેસૂલ વિભાગ
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ
મહેસૂલ વિભાગ ન/ન-૧/ડી/ડી-૧ શાખા
સીસ્ટમ મેનેજરશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

**-વેબસાઇટ પર અપલોડ કરવા સારુ**

સિલેક્ટ ફાઇલ.